Seat No. : _______________

# XU-124

**April-2013**

**B.Com. (Sem.-II)**

## CE (A) Financial Accounting-II

## (Advance Accountancy & Auditing)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) જમણી બાજુના અંક પૂરા ગુણ દર્શાવે છે.
(2) જરૂરી ગણતરી જવાબના ભાગરૂપે દર્શાવવી.

1. (અ) તા. 1-4-2012ના રોજ પાર્થ કંપની લિ. એ પ્રિન્સ કંપની લિ. નો ધંધો ખરીદી લીધો. પાર્થ લિ. એ ₹ 11,25,000ના દેવાદારો પાસેથી ઉઘરાવવાનું અને ₹ 6,25,000ના લેણદારોને ચૂકવવાનું વેચનાર કંપની વતી કબુલ્યું. ખરીદનારને ઉઘરાણીની કુલ રકમ પર 5% લેખે અને લેણદારોએ જતી કરેલ રકમ પર 20% લેખે કમિશન મળશે. આ રીતે કંપનીને 7:2ના પ્રમાણમાં કુલ કમિશન ₹ 56,250 મળ્યું.

હજુ ₹ 1,25,000ના દેવાદારો ઉઘરાવવાના બાકી છે. કંપનીને ₹ 43,750 ભૂતકાળમાં માંડી વાળેલ ઘાલખાધનાં પણ ઉઘરાણી વખતે મળ્યા, જેનો સમાવેશ કુલ ઉઘરાણીની રકમમાં થઈ ગયો છે. કંપનીએ કમિશનની રકમ કાપી લઈને બાકીની રકમ પ્રિન્સ કંપની લિ. ને ચૂકવી દીધી છે. પાર્થ કંપની લિ. ના ચોપડે આમ નોંધો લખો અને પ્રિન્સ કંપની લિ. નું ઉપલક ખાતું બનાવો. **7**

**અથવા**

રીમા અને આશાનું તા. 31-3-2013ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

| **મૂડી-દેવાં** | | **₹** | **મિલકત-લેણાં** | **₹** |
|---|---|---|---|---|
| મૂડી : રીમા | 2,50,000 | | જમીન-મકાન | 3,12,000 |
| આશા | 2,30,000 | 4,80,000 | મશીનરી | 2,16,000 |
| બેન્ક લોન | | 2,25,600 | રોકાણો | 36,000 |
| લેણદારો | | 38,400 | સ્ટોક | 79,200 |
| | | | દેવાદારો | 96,000 |
| | | | બેંક સિલક | 2,000 |
| | | | રોકડ સિલક | 2,800 |
| | | **7,44,000** | | **7,44,000** |

ઉપરનો ધંધો ખરીદવા માટે અમર કંપની લિ. ની સ્થાપના કરવામાં આવી. ધંધાની ખરીદીની શરતો નીચે મુજબ હતી :

(1) કંપની ધંધો વેચનાર વતીથી તેના દેવાદારો વસૂલ કરવાનું અને લેણદારોને ચૂકવી આપવાનું સ્વીકારે છે. વસૂલ કરેલ અને ચૂકવેલ રકમ ઉપર કંપની 10% કમિશન લેવા હકદાર છે.

(2) દેવાદારો પૈકી ₹ 2,000 ઘાલખાધ પડી તથા 10% વટાવ આપ્યો. ₹ 8,000ના દેવાદારો હજુ વસૂલ કરવાના બાકી છે. લેણદારોને ચૂકતે હિસાબે 10% વટાવે ચૂકવી દીધા છે.

(3) મશીનરીની કિંમત ₹ 4,00,000 ગણવાની છે.

(4) ખરીદકિંમત પેટે કંપનીએ દરેક ₹ 10નો તેવા 48,000 ઈ.શેર, શેરદીઠ ₹ 12.50ની કિંમતે આપવાના છે.

(5) કંપની દેવાદારો, લેણદારો તથા બેન્ક લોન સિવાયની મિલકતો અને દેવાં લે છે.

ધંધો વેચનારના દેવાદારોનું ખાતું, ધંધો વેચનારના લેણદારોનું ખાતું અને ધંધો વેચનારનું ઉપલક ખાતું તૈયાર કરો.

(બ) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો : (ગમે તે **એક**) **7**

(1) હિસાબી ધોરણ-2 (ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન) ઈન્વેન્ટરીની પડતર ગણવા માટેની વિવિધ પદ્ધતિઓ ટૂંકમાં જણાવો.

(2) હિસાબી ધોરણોનો ખ્યાલ અને ઉપયોગિતા સમજાવો.

2. (અ) ધી કૃતિ લિમિટેડે ₹ 10નો એવા 1,60,000 ઈક્વિટી શેર 50 ટકા પ્રીમિયમથી બહાર પાડ્યા, બધા જ શેરો માટે ત્રણ બાંયધરી દલાલોએ નીચે મુજબ બાંયધરી આપેલ છે : **7**

અ 40 ટકા

બ 40 ટકા

ક 20 ટકા

કંપનીને નિશ્ચિત બાંયધરી તેમજ નિશાનીવાળી અરજીઓ સહિત કુલ 1,44,000 ઈક્વિટી શેર માટે અરજીઓ મળી હતી

| | **નિશ્ચિત બાંયધરીવાળી અરજીઓ** | **નિશાનીવાળી અરજીઓ** |
|---|---|---|
| અ | 8,000 શેર | 40,000 શેર |
| બ | 4,000 શેર | 32,000 શેર |
| ક | 4,000 શેર | 24,000 શેર |

નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા આપવામાં આવતી નથી. બાંયધરી દલાલોને 5% કમિશન ચૂકવવાનું છે.

દરેક બાંયધરી દલાલની વ્યક્તિગત જવાબદારી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**અથવા**

(અ) પરાગ લિ. એ ₹ 10નો એક એવા 40,000 ઈક્વિટી શેરો બહાર પાડ્યા, તે અંગે ત્રણ બાંયધરી દલાલોની બાંયધરી નીચે મુજબ છે :

કરણ : 20,000 શેરો, મયંક : 12,000 શેરો, જય : 8,000 શેરો

તે ઉપરાંત તેમણે નીચે મુજબની નિશ્ચિત બાયંધરી આપી હતી :

કરણ : 2,000 શેરો, મયંક : 1,000 શેરો, જય : 3,000 શેરો

કંપનીને કુલ 30,400 શેરો માટે અરજીઓ મળી, જેમાં નિશ્ચિત બાંયધરીના શેરોનો સમાવેશ થાય છે. તે પૈકી નિશ્ચિત બાંયધરી સિવાયની નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી :

કરણ : 6000 શેરો, મયંક : 9000 શેરો, જય : 3400 શેરો.

દરેક બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરો. જો નિશ્ચિત બાંયધરી અંગે રકમ જમા મળે તો.

(બ) 1લી જાન્યુઆરી, 2011ના રોજ કંપનીએ ₹ 100નો એક એવા 5%નાં 15,000 ડિબેન્ચર ₹ 95ના ભાવે બહાર પાડ્યાં. ડિબેન્ચર બહાર પાડતી વખતે જણાવવામાં આવ્યું હતું કે 2012 થી શરૂ કરી દર વર્ષે ₹ 60,000નાં ડિબેન્ચરનાં નાણાં કાં તો ખુલ્લા બજારમાંથી ખરીદીને અથવા ચિઠ્ઠી ખેંચીને પરત કરી શકાશે. 2011 અને 2012ના વર્ષમાં ડિબેન્ચર વટાવમાંથી ₹ 12,000 દર વર્ષે માંડી વાળવામાં આવ્યા હતા. 2012માં કંપનીએ ₹ 18,000ની મૂળ કિંમતનાં ડિબેન્ચર ₹ 95ની કિંમતે ખરીદીને અને ₹ 42,000નાં ડિબેન્ચર ₹ 93ની કિંમતે ખરીદીને રદ કર્યા હતાં. **7**

નાણાં પરત કરવાની આમ નોંધ લખો.

**અથવા**

(બ) ડિબેન્ચર પરત કરવાની રીતો જણાવી, ખુલ્લા બજારમાંથી ખરીદીને રદ કરવાની રીત સમજાવો.

3. (અ) કાનમ લિ. નું. 31-3-2013ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે : **7**

| **દેવાં** | **₹** | **મિલકતો** | **₹** |
|---|---|---|---|
| શેરમૂડી : | | જમીન-મકાન | 2,00,000 |
| 2000 6% ના ક્યુ. પ્રેફરન્સ શેર દરેક ₹ 100 નો | 2,00,000 | પ્લાન્ટ અને યંત્રો | 2,50,000 |
| | | પાઘડી | 64,000 |
| 30,000 ઈક્વિટી શેર, દરેક ₹ 10 નો | 3,00,000 | પેટન્ટ્સ | 36,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 50,000 | સ્ટોક | 40,000 |
| લેણદારો | 1,20,000 | દેવાદારો | 58,000 |
| દેવીહૂંડી | 20,000 | નફા-નુકસાન ખાતું | 30,000 |
| | | પ્રાથમિક ખર્ચ | 12,000 |
| | **6,90,000** | | **6,90,000** |

મૂડી ઘટાડાની નીચે મુજબની યોજના અદાલતે મંજૂર કરી :

(1) દરેક પ્રેફરન્સ શેરની કિંમત ઘટાડીને ₹ 80 કરવી.

(2) દરેક ઈક્વિટી શેરની કિંમત ઘટાડીને ₹ 3 કરવી.

(3) પ્લાન્ટ અને યંત્રોની કિંમત ₹ 1,30,000 સુધી ઘટાડવી.

(4) જામીનગીરી પ્રીમિયમની રકમનો ઉપયોગ મિલકતોની કિંમત ઘટાડવામાં કરવો. અદૃશ્ય મિલકતો માંડી વાળવી.

(5) પ્રેફરન્સ શેર પર છેલ્લાં ચાર વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે. તેમને બાકી ડિવિડન્ડના દરેક ₹ 10 દીઠ ₹ 3 નો એક એવા શેર આપવાના છે.

જરૂરી આમનોંધ લખો. (જરૂરી ગણતરી દર્શાવો.)

**અથવા**

(અ) ટૂંકનોંધ લખો : મૂડી ઘટાડા અંગે કંપનીધારાની જોગવાઈઓ.

(બ) નીચેના વ્યવહારો પરથી કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો : **7**

(1) એક કંપનીની શેરમૂડી ₹ 100નો એક એવા 8,000 પૂરા ભરાયેલા ઈક્વિટી શેરમાં વહેંચાયેલી હતી. કંપનીએ તેના ઈક્વિટી શેરનું ₹ 10નો એક એવા 7 ઈક્વિટી શેર અને ₹ 10નો એક એવા 3 પ્રેફરન્સ શેરમાં વિભાગીકરણ કરવાનું નક્કી કર્યું.

(2) એક કંપનીએ ₹ 9,700ના ઈક્વિટી સ્ટોકના બદલામાં ₹ 10નો એવા 1,000 ઈક્વિટી શેર આપ્યા.

(3) એક કંપનીએ દરેક ₹ 100નો એવા 7,000 ઈક્વિટી શેરના બદલામાં દરેક શેરના ₹ 96 લેખે ઈક્વિટી સ્ટોક આપ્યો.

**અથવા**

(બ) નીચેના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ લખો :

(1) એક કંપનીની ભરપાઈ થયેલી મૂડી ₹ 100નો એવા 11,500 ઈક્વિટી શેરની બનેલી છે. કંપનીએ ઠરાવ પસાર કરીને પ્રત્યેક ઈક્વિટી શેરનું ₹ 10નો એવા 8 ઈક્વિટી શેર તથા ₹ 4નો એવા 5 ક્યુ. પ્રેફ. શેરમાં વિભાગીકરણ કર્યું.

(2) એક કંપનીએ ₹ 100 નો એવા 100 ઈક્વિટી શેરનું ₹ 9,450ના ઇક્વિટી સ્ટોકમાં રૂપાંતર કર્યું.

(3) એક કંપનીએ ₹ 48,000ના ઈક્વિટી સ્ટોકના બદલામાં ₹ 10નો એવા 5,000 ઈક્વિટી શેર આપ્યા.

4. "ન્યૂ ઈન્ડિયા" ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ તા. 31-12-2012ના રોજ પૂરા થતા વર્ષની આગ અને દરિયાઈ વીમા વિભાગની માહિતી નીચે પ્રમાણે રજૂ કરે છે : **14**

| **વિગત** | **આગ વિભાગ** ₹ | **દરિયાઈ વિભાગ** ₹ |
|---|---|---|
| ભાવિ જોખમનું અનામત (31-12-11) | 10,40,000 | 13,00,000 |
| વધારાનું અનામત (31-12-11) | 2,08,000 | 2,60,000 |
| ચૂકવેલ દાવા | 8,22,900 | 6,73,400 |
| દાવા અંગે જવાબદારી : | | |
| (31-12-11) | 1,95,000 | 2,08,000 |
| (31-12-12) | 2,34,000 | 1,82,000 |
| મળેલ પ્રીમિયમ | 16,90,000 | 11,70,000 |
| સ્વીકારેલ પુનઃવીમા પ્રીમિયમ | 3,25,000 | 2,60,000 |
| આપેલ પુનઃવીમા પ્રીમિયમ | 1,36,500 | 2,34,000 |
| રી-ઈન્સ્યુરન્સ વસૂલાત | 2,08,000 | 1,95,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ | 1,95,000 | 1,82,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ પર ટેક્ષ | 30% | 30% |
| અન્ય આવક | 39,000 | 45,500 |
| સીધા ધંધાનું કમિશન | 1,04,000 | 97,500 |
| સ્વીકારેલ પુનઃવીમા કમિશન | 52,000 | 39,000 |
| આપેલ પુનઃવીમા કમિશન | 39,000 | 33,800 |

**અન્ય માહિતી :**

(1) વધારાનું અનામત ભાવિ જોખમના અનામતના 20% દર વર્ષે રાખવામાં આવે છે.

(2) વહીવટી ખર્ચા ₹ 3,25,000 બંને વીમા વિભાગ વચ્ચે મળેલ ચોખ્ખા પ્રીમિયમના પ્રમાણમાં ફાળવવાના છે.

(3) પ્રીમિયમના બાકી લેણા નીચે મુજબ છે.

| **તારીખ** | **આગ વિભાગ (₹)** | **દરિયાઈ વિભાગ (₹)** |
|---|---|---|
| 31-12-11 | 3,25,000 | 1,82,000 |
| 31-12-12 | 2,60,000 | 1,95,000 |

બન્ને વિભાગનાં મહેસૂલી ખાતા તૈયાર કરો.

**અથવા**

(અ) ટૂંકનોંધ લખો : **7**

સામાન્ય વીમાનો ધંધો કરતી કંપની માટેના આચાર સંહિતાના નિયમો જણાવો.

(બ) સામાન્ય વીમાના દાવાઓ અંગે નીચેનાને સમજાવો. **7**

(i) નો-ક્લેઈમ બોનસ (પ્રીમિયમના ઘટાડા રૂપે બોનસ)

(ii) પુનઃ વીમો

5. પેટા પ્રશ્નોના વધુ જવાબો પૈકી એક જ જવાબ સાચો છે. ગણતરી કે સમજૂતી સાથે સાચો જવાબ પસંદ કરો : (ગમે તે **સાત**) **14**

(1) ધંધાની ખરીદ કિંમત ₹ 1,95,000 નક્કી થઈ અને તે વખતે ખરીદનાર કંપની માટે પાઘડી ₹ 26,000 ઉદ્ભવતી હોય તો તે કંપનીએ ₹ 26,000 મૂડી અનામત ઉદ્ભવે તે માટે કઈ ખરીદ કિંમત નક્કી કરવી જોઈએ ?

(અ) ₹ 1,43,000

(બ) ₹ 1,30,000

(ક) ₹ 1,17,000

(ડ) ₹ 1,56,000

(2) ખરીદીની બધી પડતરમાં રૂપાંતરની પડતર ઉમેરવાથી

(અ) ખરીદીની પડતર મળે છે.

(બ) ઈન્વેન્ટરીની પડતર મળે છે.

(ક) વેચેલ માલની પડતર મળે છે.

(ડ) ઉત્પાદન પડતર મળે છે.

(3) ₹ 100નો એવા, શેર દીઠ ₹ 140 લેખે બહાર પાડેલ ઈક્વિટી શેર પર બાંયધરી દલાલને ચૂકવવાપાત્ર બાંયધરી કમિશન

(અ) ₹ 5

(બ) ₹ 3.50

(ક) ₹ 2.5

(ડ) ₹ 7

(4) પોતાનાજ ડિબેન્ચરો કંપની દ્વારા ખરીદ્યા બાદ તરતજ રદ કરવામાં આવે, તેનો નફો ______ ખાતે લઈ જવામાં આવે છે.

(અ) મૂડી અનામત

(બ) સામાન્ય અનામત

(ક) પાઘડી

(ડ) નફા-નુકસાન

(5) મૂડી ઘટાડાની યોજના હેઠળ ₹ 93,750નું બાકી પ્રેફરન્સ ડિવિડન્ડ (જે હજુ જાહેર થયું નથી અને ચૂકવ્યું નથી) પૈકી ₹ 62,500નું પ્રેફરન્સ ડિવિડન્ડ પ્રેફરન્સ શેરહોલ્ડરોએ જતું કર્યું તો

(અ) ₹ 62,500 મૂડી ઘટાડા ખાતે જમા થશે.

(બ) ₹ 31,250 મૂડી ઘટાડા ખાતે જમા થશે.

(ક) ₹ 31,250 મૂડી ઘટાડા ખાતે ઉધાર થશે.

(ડ) કોઈ નોંધ થશે નહીં

(6) પરચૂરણ વીમાના ધંધામાં વીમા એજન્ટને વધુમાં વધુ કમિશન આપી શકાય

(અ) 20%

(બ) 15%

(ક) 10%

(ડ) 5%

(7) આગ અને પરચૂરણ વીમાના ધંધામાં ચોખ્ખા પ્રીમિયમની આવકના _______ જેટલું બાકી જોખમ માટેનું અનામત રાખવું પડે છે.

(અ) 100%

(બ) 25%

(ક) 50%

(ડ) 10%

(8) જૂની ઘાલખાધ વસૂલ થાય ત્યારે તે જમા થશે :

(અ) ઘાલખાધ વસૂલાત ખાતે

(બ) ધંધો વેચનારના લેણદારો ખાતે

(ક) ધંધો વેચનારના દેવાદારો ખાતે

(ડ) ધંધો વેચનારના ઉપલક ખાતે

(9) મૂડી ઘટાડાની યોજના હેઠળ એકત્રિત થયેલ ખોટ માંડી વાળ્યા બાદ મૂડી ઘટાડા ખાતે બાકી રહેતી રકમ લઈ જવાય છે.

(અ) મૂડી પરત અનામત ખાતે

(બ) સામાન્ય અનામત ખાતે

(ક) મૂડી અનામત ખાતે

(ડ) શેરમૂડી ખાતે

Seat No. : _______________

# XU-124

**April-2013**

**B.Com. (Sem.-II)**

## CE (A) Financial Accounting-II

## (Advance Accountancy & Auditing)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**Instructions :** (1) Figures to the right side indicate full marks.

(2) Show necessary calculations in support of your answer.

1. (a) On 1-4-2012 Parth Co. Ltd. purchased the business of Prince Co. Ltd. Parth Ltd. has agreed to collect from the debtors of ₹ 11,25,000 and to pay creditors of ₹ 6,25,000 on behalf of Vendor's company. The purchasing company will get the commission at 5% on the total collections received from the debtors and 12% on the amount waived by the creditors. Thus the company got the total commission of ₹ 56,250 in the ratio of 7 : 2. Still the debtors of ₹ 1,25,000 are not collected. While collecting from the debtors the company also got ₹ 43,750 from the debtors which was written off as bad debts in the pasts and the same was included in the total amount of collection. After deducting its commission, the company paid the remaining amount to Prince Co. Ltd. Write Journal entries in the books of Parth Ltd. and prepare Suspense A/c of Prince Ltd. **7**

**OR**

The Balance Sheet of Rima and Asha on 31-3-2013 is as follows :

| Liabilities | | ₹ | Assets | ₹ |
|---|---|---|---|---|
| Capital : Rima | 2,50,000 | | Land and Building | 3,12,000 |
| Asha | 2,30,000 | 4,80,000 | Machinery | 2,16,000 |
| Bank Loan | | 2,25,600 | Investments | 36,000 |
| Creditors | | 38,400 | Stock | 79,200 |
| | | | Debtors | 96,000 |
| | | | Bank balance | 2,000 |
| | | | Cash balance | 2,800 |
| | | **7,44,000** | | **7,44,000** |

Amar Co. Ltd. was incorporated to take over the above business. The terms of purchase of business are as follows :

(1) The company agreed to collect the debtors and pay off the creditors on behalf of the vendors. The company is entitled to 10% commission on amount collected and paid off.

(2) Bad debts amounted to ₹ 2,000 out of the debtors and they were allowed 10% discount. Debtors to the tune of ₹ 8,000 are yet to be collected. Creditors were paid off at 10% discount.

(3) Machinery is to be valued at ₹ 4,00,000.

(4) Purchase consideration is to be paid in 48,000 Equity Shares of ₹ 10 each at a price of ₹ 12.50 each.

(5) The company takes over-all assets and liabilities except Debtors, Creditors and Bank Loan. Prepare Vendors' Debtors A/C, Creditors' A/C, Vendor's Suspense A/C.

(b) Attempt the following questions : (any **one**) **7**

(1) Explain in short the different methods for the measurement of inventories under AS-2.

(2) Discuss the concept and utility of Accounting Standards.

2. (a) The Kruti Ltd. has issued 1,60,000 Equity Shares of ₹ 10 each at 50% premium. The whole issue was fully underwritten by three underwriters as follows : **7**

A : 40% B : 40% C : 20%

The total applications including firm underwriting and marked applications were received for 1,44,000 equity shares.

| | **Firm underwriting applications** | **Marked applications** |
|---|---|---|
| A | 8,000 shares | 40,000 shares |
| B | 4,000 shares | 32,000 shares |
| C | 4,000 shares | 24,000 shares |

5% Commission to be paid to underwriters. No credit is given for firm underwriting. Prepare a statement showing the liabilities of individual underwriters.

**OR**

(a) Parag Ltd. issued 40,000 shares of ₹ 10 each, which were underwritten by three underwriters as under :

Karan : 20,000 shares, Mayank : 12,000 shares, Jay : 8,000 shares.

An addition, there was Firm underwriting as under :

Karan : 2,000 shares, Mayank : 1,000 shares, Jay : 3,000 shares.

The company received applications for 30,400 shares including firm underwriting and number of marked applications except firm underwriting were as under :

Karan : 6,000 shares, Mayank : 9,000 shares, Jay : 3,400 shares.

Show the liability of each underwriters, if credit is given for firm underwriting.

(b) A company issued 15,000, 5% debentures of ₹ 100 each at 5% discount on 1st January, 2011. It was stated at the time of debenture issue that debentures of ₹ 60,000 would be redeemed annually either by purchase in the open market or by drawing lots. During 2011 and 2012, debenture discount of ₹ 12,000 per annum was written off. During the year 2012, the company purchased debentures of ₹ 18,000 at ₹ 95 and debentures of ₹ 42,000 at ₹ 93 from open market and cancelled them. **7**

Give Journal Entries for redemption.

**OR**

(b) Mention the methods of redeeming the debentures and explain the method of cancelling the same after purchasing from the open market.

3. (a) The Balance Sheet of Kanam Ltd. as on 31-3-2013 is under : **7**

| **Liabilities** | **₹** | **Assets** | **₹** |
|---|---|---|---|
| Share Capital : | | Land and Building | 2,00,000 |
| 2000 6% Cumulative Preference Shares of ₹ 100 each | 2,00,000 | Plant & Machinery | 2,50,000 |
| | | Goodwill | 64,000 |
| 30,000 Equity shares of ₹ 10 each | 3,00,000 | Patents | 36,000 |
| Securities premium | 50,000 | Stock | 40,000 |
| Creditors | 1,20,000 | Debtors | 58,000 |
| Bills payable | 20,000 | Profit & Loss A/C. | 30,000 |
| | | Preliminary expenses | 12,000 |
| | **6,90,000** | | **6,90,000** |

A scheme for reduction of capital was passed by the Tribunal on the following terms :

(1) The value of Preference Shares to be reduced to ₹ 80 per share.

(2) The value of Equity Shares to be reduced to ₹ 3 per share.

(3) The value of Plant and Machinery to be reduced upto ₹ 1,30,000.

(4) The amount of securities premium to be utilized in reducing the values of assets. The intangible assets to be written off.

(5) One Equity Share of ₹ 3 to be issued for each ₹ 10 of Preference dividend arrears which is in arrears for the last four years.

Write Journal Entries. (show necessary calculations.)

**OR**

(a) Write short note on : The provisions of Companies Act relating to Capital Reduction.

(b) Write Journal Entries in the books of the company. **7**

(1) The Share Capital of a company is divided into 8000 fully paid Equity Shares each of ₹ 100. The company decided to subdivide its equity share into 7 Equity Shares of ₹ 10 each and 3 Preference Shares of ₹ 10 each.

(2) The company has issued 1,000 Equity Shares of ₹ 10 each in exchange of Equity Stock of ₹ 9,700.

(3) The company decided to issue Equity Stock in exchange of 7000, Equity shares of ₹ 100 each at the rate of ₹ 96 for each share.

**OR**

Write Journal Entries in the books of the company.

(1) The share capital of the company consists of 11,500 Equity Shares of ₹ 100 each. The company has passed resolution to sub-divide its each Equity Share of ₹ 100 into, 8 Equity Shares of ₹ 10 each and 5 Cu. Preference Shares of ₹ 4 each.

(2) A company has converted its 100 Equity Shares of ₹ 100 each into Equity Stock of ₹ 9,450.

(3) The company has issued 5000 Equity Shares of ₹ 10 each in exchange of Equity Stock of ₹ 48,000.

4. “New India” Insurance Co. Ltd. presents the following information regarding Fire and Marine Insurance for the year ended 31-12-2012. **14**

| **Particulars** | **Fire department ₹** | **Marine department ₹** |
|---|---|---|
| Reserve for unexpected risk (31-12-11) | 10,40,000 | 13,00,000 |
| Additional reserve (31-12-11) | 2,08,000 | 2,60,000 |
| Claim Paid | 8,22,900 | 6,73,400 |
| Liabilities for outstanding claim as on : | | |
| (31-12-11) | 1,95,000 | 2,08,000 |
| (31-12-12) | 2,34,000 | 1,82,000 |
| Premium received | 16,90,000 | 11,70,000 |
| Premium on re-insurance accepted | 3,25,000 | 2,60,000 |
| Premium on re-insurance ceded | 1,36,500 | 2,34,000 |
| Re-insurance recoveries | 2,08,000 | 1,95,000 |
| Interest and Dividend | 1,95,000 | 1,82,000 |
| Taxes on interest and dividend | 30% | 30% |
| Other incomes | 39,000 | 45,500 |
| Commission on direct business | 1,04,000 | 97,500 |
| Commission on re-insurance accepted | 52,000 | 39,000 |
| Commission on re-insurance ceded | 39,000 | 33,800 |

**Other information :**

(1) Every year additional reserve is maintained at 20% of unexpired risk reserve.

(2) The administration expenses of ₹ 3,25,000 to be divided between Fire and Marine in the proportion of Net premium received.

(3) Premium outstanding as following :

| **Date** | **Fire department (₹)** | **Marine department (₹)** |
|---|---|---|
| 31-12-11 | 3,25,000 | 1,82,000 |
| 31-12-12 | 2,60,000 | 1,95,000 |

Prepare Revenue Accounts of both the departments.

**OR**

(a) Write short note :

State the rules of code of conduct for the companies doing business of General Insurance. **7**

(b) Explain following terms in relation to General Insurance Claims : **7**

(i) No Claim Bonus (Bonus utilized in reduction of premium)

(ii) Re-insurance

5. For each of the following sub-questions more than one answers are given, out of which only one answer is correct. Select the correct answer. Give necessary calculation or explanation : (any **seven**) **14**

(1) When purchase price is fixed at ₹ 1,95,000, the goodwill for purchaser company had arisen ₹ 26,000. If the purchase company wants the capital reserve of ₹ 26,000 out of this purchase, how much purchase price should be fixed ?

(A) ₹ 1,43,000

(B) ₹ 1,30,000

(C) ₹ 1,17,000

(D) ₹ 1,56,000

(2) By adding conversion cost into all costs of purchase

(A) Cost of purchase is arrived.

(B) Cost of inventories is arrived.

(C) Cost of goods sold is arrived.

(D) Cost of production is arrived.

(3) On Equity Shares of ₹ 100 each, issued at ₹ 140 per share, the maximum amount of underwriting commission payable to underwriter should be

(A) ₹ 5

(B) ₹ 3.50

(C) ₹ 2.50

(D) ₹ 7

(4) Profit on immediate cancellation of company's own debentures after purchase is transferred to _______

(A) Capital Reserve

(B) General Reserve

(C) Goodwill

(D) Profit and Loss A/C

(5) If under the scheme of Capital Reduction out of the preference dividend in arrears of ₹ 93,750 (which was not declared and not paid) ₹ 62,500 is waived by Preference Shareholders then

(A) ₹ 62,500 would be credited to Capital Reduction Account.

(B) ₹ 31,250 would be credited to Capital Reduction Account.

(C) ₹ 31,250 would be debited to Capital Reduction Account.

(D) No entry will be made.

(6) In miscellaneous insurance business maximum commission can be given to the agent is

(A) 20%

(B) 15%

(C) 10%

(D) 5%

(7) In fire and miscellaneous business, reserve for unexpired risk is kept at ______ of net premium income.

(A) 100%

(B) 25%

(C) 50%

(D) 10%

(8) When old Bad Debts are recovered, it is credited to

(A) Bad Debt Recovery Account

(B) Vendor’s Creditors’ A/C

(C) Vendor’s Debtors’ A/C

(D) Vendor’s Suspense A/C

(9) Under the scheme of Capital Reduction, balance left in Capital Reduction A/C, after writing off the accumulated losses, is transferred to

(A) Capital Redemption A/C.

(B) General Reserve A/C.

(C) Capital Reserve A/C.

(D) Share Capital A/C.